# તા. ૨૧ જુન સુધીનો સમય દેશ ને દુનિયામાં અશાંતિ, ઉત્પાતનો રહે!

**(અનુસંધાન પાન નં.૧ નું ચાલુ)**

ન્યાયાધીશ, ઉપરીવર્ગને કષ્ટપીડા, સરકારી કેસોમાં, સરકારને, નેતાઓને મુશ્કેલી, પીડા, બંધન જણાય. જુલાઈ, ઓગસ્ટમાં વિવિધ પક્ષોમાં આંતરકલહ, નેતાઓ પરસ્પર વિરોધ, વિગ્રહ કરે. રાજ્યભય,અશાંતિ, પૃથ્વી લોહીથી ખરડાય. છત્રભંગ, નેતાનું મૃત્યુ કે તકલીફ. રાજ્ય ભ્રંશ, રાજયુદ્ધ, મહાભય. એકવીસ દિવસ અશાંતિના રહે.

સપ્ટેમ્બરમાં સૌરાષ્ટ્રમાં તકલીફ. સમુદ્રમાં વિગ્રહ. નેતાઓ, કર્યાકર્તાઓને, પ્રજાને પીડા, મુશ્કેલી, ઓક્ટોબરમાં રાજભય, અશાંતિ જ્યારે નવેમ્બરમાં રાજ દુઃખ, સંતાપ, નેતાઓમાં કલહ, બિમારી, તકલીફનો સમય રહે! ટુંકમાં વર્ષ દરમ્યાન ગ્રહયોગ એવા છે કે સંવત ૨૦૬૯ ગુજરાત માટે ખળખળાટનું રહેશે? તા. ૧૨ ફેબ્રુઆરીથી તા. ૮ જુલાઈ સુધીનો સમય અગ્નિપરીક્ષાનો જણાય!

### મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદી

ભાજપના તેમજ શ્રી નરેન્દ્રભાઈ મોદીના ગ્રહયોગ નબળા છે તેથી ગુજરાત રાજ્યની આગામી ચૂંટણીમાં ભાજપને, શ્રી નરેન્દ્રભાઈ મોદીને તકલીફ પડે. વિરોધ પક્ષ તેમજ વિરોધીઓને અંશતઃ લાભ, ફાયદો થાય પરંતુ -

મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ગુજરાતના પુનઃ મુખ્યમંત્રી તરીકે નિયુક્ત થાય. પરંતુ શનિ, રાહુની પ્રતિકુળતાના કારણ તેમને સતત સંઘર્ષ અને માનસિક તણાવ, ચિંતામાંથી સમય પસાર કરવા પડે. તા. ૨૩-૧૨-૨૦૧૨થી રાહુ તુલા રાશિમાં શનિની સાથે પરિભ્રમણ કરે છે તેથી તેઓશ્રીએ વાણીમાં મીઠાસ અને વ્યવહારમાં નમ્રતા દાખવવી જરૂરી રહેશે. તેમના જ પક્ષના રાજકીય હરિફો તેમને રાજ્યકક્ષાએ તેમજ કેન્દ્રીય કક્ષાએ તેમની પ્રગતિ, કાર્યક્ષેત્રને અવરોધવા માટેના પ્રયત્નો કરે. તેમનો વિરોધ કરનારા તેમને કાનૂની પ્રક્રિયામાં પરેશાન કરવાના પ્રયત્નો કરે. તે સિવાય મસ્તકમાં, ગળામાં દર્દપીડા અનુભવાય. કમરમાં દર્દપીડાથી કામ કરવામાં તકલીફ પડે. તા. ૧૫ ડિસેમ્બર ૨૦૧૨થી તા. ૨૫ જાન્યુઆરી ૨૦૧૩ સુધીનો સમય રાજકીય રીતે તેમજ આરોગ્યની દૃષ્ટિએ તકલીફ પીડાનો રહે. આગામી લોકસભાની ચૂંટણીનો સમય તેમના માટે પડકારરૂપ બને. માર્ગ અકસ્માતથી, આતંકવાદી હુમલાથી સાવધાની રાખવી પડે. તે સિવાય યવન પ્રજા, યવન દેશો, યવન પ્રદેશોના સહકારમાં વધારો થતો જાય.

### કોંગ્રેસ પ્રમુખ સોનીયા ગાંધી

કોંગ્રેસ પ્રમુખ સોનીયા ગાંધી માટે વર્ષ નબળું પુરવાર થાય. શારીરિક શિથિલતાના કારણે સક્રિય રાજકારણમાંથી ઈચ્છા-અનિચ્છાએ પોતાનો કાર્યભાર અન્યને સોંપવો પડે. છાતીમાં દર્દપીડા, ઘાતક બિમારીની અસર વર્તાય! રાજસ્થાન પર વર્તમાન ગ્રહયોગની અસરના કારણે કોંગ્રેસપક્ષને પણ અસર થાય. તેમના પુત્ર રાહુલ ગાંધી રાજકારણમાં સફળતા પ્રાપ્ત કરી શકે નહીં. મે ૨૦૧૩ સુધીનો સમય તેમના માટે તેમજ તેમની માતા સોનીયા ગાંધીનો સમય નબળો પૂરવાર થાય. કેન્દ્રીય રાજકારણમાં આકસ્મિક ફેરફારો સર્જાય! કોંગ્રેસ પ્રમુખ સોનીયા ગાંધીનું જન્મવર્ષ તા. ૯ ડિસેમ્બરે બદલાશે તેમજ મૂળ કોંગ્રેસની સ્થાપનાનું વર્ષ તા. ૨૮ ડિસેમ્બર બદલાશે અને તા. ૨૩ ડિસેમ્બર ૨૦૧૨થી રાહુ તુલા રાશિમાં શનિની સાથે પરિભ્રમણ શરૂ કરે છે તેથી તેમના જન્મવર્ષના પ્રારંભથી જ તેમનો સમય નબળો શરૂ થાય.

### દેશના રાજકારણ-નેતાઓને અસર કર્તા તારીખો!

નવેમ્બર ૨૦૧૨ તા. ૧૩, ૨૩. ડિસેમ્બર ૨૦૧૨ તા. ૩, ૧૪, ૧૫, ૧૭, ૧૯, ૨૦, ૨૧, ૨૫, ૨૭, ૨૮. જાન્યુઆરી ૨૦૧૩ તા. ૧૨, ૧૩, ૧૪, ૧૯, ૨૬. ફેબ્રુ. તા. ૩, ૧૦, ૧૧, ૧૭, ૨૦. માર્ચ તા. ૮, ૧૨, ૨૩. એપ્રિલ તા. ૧, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૨૨. મે તા. ૧, ૧૨, ૧૩, ૧૯, ૨૫, ૨૬. જુન તા. ૧૮, ૨૧, ૨૫. જુલાઈ તા. ૮, ૯. ઓગસ્ટ તા. ૫, ૬, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૨૦, ૨૨, ૨૩, ૨૬, ૩૧. સપ્ટેમ્બર તા. ૧૬, ૨૦, ૨૫. ઓક્ટોબર તા. ૫, ૧૭.

**ભારતમાં રાજ્ય વિધાનસભાની ચૂંટણીનાં પરિણામોમાં આશ્ચર્યજનક ફેરફારોથી ભારતના રાજકારણની તાસીર બદલાય. પ્રાદેશિક પક્ષોના પ્રભાવ, ખેંચતાણમાં સ્થિર સરકાર રચવામાં મુશ્કેલ પડે. કેન્દ્ર સરકારને વહેલી ચૂંટણીની જાહેરાત કરવી પડે!**

### સોના-ચાંદી-શેરબજારને અસરકર્તા તારીખો?

નવેમ્બર ૨૦૧૨ તા. ૧૮, ૧૯. ડિસેમ્બર ૨૦૧૨ તા. ૨, ૬, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૮. જાન્યુઆરી ૨૦૧૩ તા. ૧૫, ૧૯, ૨૬, ૩૦. ફેબ્રુ. તા. ૩થી ૫, ૧૦, ૧૭, ૧૯, ૨૦. માર્ચ તા. ૪, ૮, ૧૧, ૧૭ એપ્રિલ તા. ૧૦,૧૯, ૨૫, ૨૮, ૨૯, ૩૦. મે તા. ૧થી ૯, ૨૬. જુન તા. ૭. જુલાઈ તા. ૮, ૧૭, ૧૯. ઓગસ્ટ તા. ૩૦, ૩૧. સપ્ટેમ્બર તા. ૧૩, ૨૦. ઓક્ટોબર તા. ૫, ૧૭, ૧૮, ૨૩, ૨૪.

### ઉપસંહાર :

સમગ્ર વર્ષના ગ્રહયોગ અનુસાર આ વર્ષ આરોહ-અવરોહનું રહે. રાજકીય સમીકરણો બદલાય પરંતુ કોઈ પક્ષને વિશેષ ફાયદો લાભ જણાય નહીં. રાજ્યકક્ષાએ આગામી વિધાનસભાની ચૂંટણીમાં જન મતદાન ભાજપ તરફી રહે. પરંતુ ટકાવારીમાં ફેરફારી જણાય. કેન્દ્રમાં ઘટક પ્રશ્નોના ટંકાવારી કોંગ્રેસ સરકારને આ વર્ષ તકલીફનું રહે. ઓચિંતાની વહેલી ચૂંટણી થાય. તે સિવાય કુદરતી આપત્તિઓ, દેશ ને દુનિયામાં જાન માલને મોટું નુકસાન કરે. યુદ્ધ, આતંકવાદ, બોમ્બ વિસ્ફોટથી જનસંહાર થાય, હાહાકાર થાય. ખેતીવાડી, વરસાદ, મધ્યમ રહે. સોના, ચાંદી, ધાતુના ભાવ વધે. મકાન, જમીનોના ભાવ ઘટે, મંદી જણાય. છત્રભંગ યોગના કારણે નેતાઓને, ધર્માચાર્યોને કષ્ટપીડા અનુભવવી પડે. લોકોને પીડા પરંતુ મા નવદુર્ગા અને યજ્ઞનારાયણ ભગવાનને હૃદયપૂર્વકની પ્રાર્થના કે નવું વર્ષ સમગ્ર પ્રજાને આરોગ્ય, સુખ, સમૃદ્ધિ, આનંદ, શાંતિ આપનારું રહે.

**- પદ્મનાભ અગ્નિહોત્રી**



